ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૮ સપ્ટેમ્બર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!




## આણંદ લોકસભા અને પેટલાદ વિધાનસભાનું વિકાસ માટે સજ્જધજતું ધોબીકુઇ



# અલ્પવિકસિતની ઓળખ પાછળ છોડી વિકાસની કેડીએ આગળ ધપતુ ધોબીકુઈ ગામ





બોરસદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એક સમયે અલ્પવિકસિત ગામ તરીકે ઓળખાતું ધોબીકુઈ છેલ્લા કેટલાક વર્ષોથી ધીમે ધીમે વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. તાલુકા મથક બોરસદથી આશરે ૬ કિલોમીટર અને જિલ્લા મથક આણંદથી આશરે ૧૦ કિલોમીટરના અંતરે આવેલું ધોબીકુઈ ઓછી વસ્તી ધરાવતા ગામોમાંનું એક છે. ધોબીકુઇ ગામની ઉત્તર દિશાએ નાપા વાંટા ગામ આવેલુ છે. ગામની પશ્ચિમ દિશામાં ઢુઢાકૂવા અને સૂરકુવા ગામ આવેલું છે. ગામની દક્ષિણ દિશામાં દેદરડા ગામ આવેલું છે. જયાં બાળકો ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. ગામના ઇતિહાસ બાબતે લોકચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ તો આ ગામ આશરે 500 વર્ષ જેટલું જૂનું છે. તત્કાલીન સમયે બહુ જ ઓછી વસ્તી ધરાવતા વેરાન વગડા જેવા ગામમાં મોટાભાગે સ્થાનિક લોકો સામાન્ય જીવન શૈલીનુ જીવન જીવતા હતા. સમયાંતરે બદલાવ આવતો હતો.

પરંતુ દેશ આઝાદ થયા બાદ સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થયા બાદ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા પામી હતી. મર્યાદિત વસ્તી હોવા છતાં ગામના લોકોની એકતા, સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ અને સહકારની ભાવનાએ ગામની આગવી ઓળખ ઊભી કરી છે. ગામમાં અંદાજે દોઢસોથી વધુ ઘરો આવેલા છે. પટેલ, બ્રાહ્મણ, સોલંકી, રબારી, પ્રજાપતિ, વાળંદ, દેવીપૂજક, વણકર, રોહિત સહિત વિવિધ સમાજના લોકો વર્ષોથી હળીમળીને રહે છે. સામાજિક પ્રસંગો હોય કે ધાર્મિક તહેવારો, ગ્રામજનો એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બની ગામની સામાજિક એકતા જાળવી રહ્યા છે. ધોબીકુઈના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામને સિંચાઈની સુવિધાનો લાભ મળ્યો હોવાથી ખેડૂતો વર્ષ દરમિયાન ત્રણ વખત પાકનું ઉત્પાદન મેળવી શકે છે. સિંચાઈના કારણે ખેતી માત્ર ચોમાસા પૂરતી મર્યાદિત ન રહેતાં ખેડૂતોને વિવિધ ઋતુમાં પાક લેવાની તક મળે છે. ધોબીકુઈની ભાગોળે આવેલું વિશાળ તળાવ ગામની આગવી ઓળખ છે. તળાવકાંઠે ગ્રામજનો માટે વિસામો કરવા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. વિશાળ વૃક્ષોની ગાઢ છાયામાં તળાવકાંઠાનો વિસ્તાર સાંજના સમયે ગ્રામજનો માટે હળવાશની પળો માણવાનું સ્થળ બની રહે છે. કુદરતી વાતાવરણ અને શાંતિને કારણે આ વિસ્તાર ગામના સૌંદર્યમાં વધારો કરે છે. ગામમાં નાનું બજાર પણ આવેલું છે, જ્યાં દૈનિક જીવનજરૂરિયાતની મોટાભાગની વસ્તુઓ ઉપલબ્ધ થઈ રહે છે. આથી સામાન્ય જરૂરિયાતો માટે ગ્રામજનોને વારંવાર નજીકના શહેર કે તાલુકા મથક સુધી જવાની જરૂરિયાત ઓછી રહે છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે વિશેષ કાળજી લે છે. સ્વચ્છ ગામ અને સુઘડ રહેણીકરણી તરફ ગ્રામજનોનો અભિગમ ગામના વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહ્યો છે. હોળી, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી અને બેસતા વર્ષ સહિતના તહેવારો ગ્રામજનો સાથે મળીને ઉત્સાહપૂર્વક ઉજવે છે. એક સમયે વિકાસની દોડમાં પાછળ ગણાતું ધોબીકુઇ આજે પોતાની ક્ષમતા મુજબ આગળ વધી રહ્યું છે. ખેતી, પશુપાલન, સહકારી પ્રવૃત્તિ, સ્વચ્છતા અને સામાજિક એકતાના સંયોજનથી આગામી સમયમાં ગામ વધુ સુવિધાસભર અને આત્મનિર્ભર બને તેવી ગ્રામજનોમાં આશા જોવા મળે છે.

# ધોબીકુઇ ગામનો મહત્તમ પાટીદાર સમાજ પરદેશમાં જમાવટ કરી ઠરીઠામ થયેલો છે





ગામમાં દરેક ધર્મ સ્થાન, જાહેર સ્થળો,, પ્રવેશ દ્વાર વગેરે ધોબીકુઈના વતનપ્રેમની સાક્ષી પૂરે છે

આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાના ધોબીકુઇ ગામનું નામ સાંભળીને સૌને આશ્ચર્ય અનુભવાય તેવુ અજબ ગામ છે. વિદેશની ભૂમિ પર સ્થાયી થયેલા ધોબીકુઇના એન આર આઈ દાતાઓ દ્વારા ધાર્મિક સામાજિક શૈક્ષણિક કાર્યો કરવામાં આવ્યા છે. ધોબીકુઈના મૂળ વતની પાટીદાર સમાજના લોકોએ નોંધપાત્ર સંખ્યામાં વિદેશમાં પોતિકા વ્યવસાય નોકરી ધંધામાં પગદંડો જમાવી દીધો છે. વિદેશમાં વસવાટ માટે સ્થાયી થયેલા ગામના મૂળ વતનીઓ મોટાભાગે અમેરીકા, કેનેડા, આફ્રિકા અને ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. વર્તમાન સમયમાં પણ પાટીદાર સમાજના શિક્ષિત યુવાનો વિદેશની વાટે નિકળી જ જાય છે. જાણવા મળ્યા મુજબ ગામમાં વસવાટ કરતા પાટીદાર રહેણાંક વિસ્તારમાંથી અડધોઅડધ મકાનમાં યુવાવર્ગ બિલકુલ નહીંવત્ પ્રમાણમાં છે. 60-65 વય વટાવી ચુક્યા હોય તેવા વડીલ વર્ગ જ ગામમાં જોવા મળે છે. સાવ સામાન્ય જણાઈ આવે તેવું ગામ હાલમાં દાતાઓની સખાવત અને વતન પ્રેમની લાગણીઓથી છલોછલ બનેલું છે. ગામમાં દરેક ધર્મ સ્થાન, જાહેર સ્થળો, પ્રવેશ દ્વાર વગેરે ધોબીકુઈના વતનપ્રેમની સાક્ષી પૂરે છે. ગામમાં દેવ મંદિરો, શિક્ષણ સુવિધા માટે પ્રાથમિક શાળામાં પૂરક જરૂરીયાતો તેમજ વૃધ્ધો બાળકોને મદદરૂપ થાય તેવી ચીજવસ્તુઓ, વિસામો વગેરે માટે વિવિધ દાતાઓ તરફથી સમયાંતરે સખાવતોની સરવાણી વહેતી કરવામાં આવી છે.

## ધોબીકુઇ ટાઉન ટોક

### -: ધોબીકુઈ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 198 |
| કુલ વસ્તી | 1030 |
| કુલ પુરૂષો | 538 |
| કુલ સ્ત્રીઓ | 492 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 81.95 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.09 |
| સ્ત્રી સાક્ષરતા દર | 71.03 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 365 |
| ખેત મજૂર | 175 |
| સીમાંત વર્ગ | 61 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 11 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 61 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 409 |
| ગાય | 297 |
| ભેંસ | 96 |
| અન્ય | 16 |

### -: જમીન ક્ષેત્રફળ :-

148 હેક્ટર 19 આરે 69 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 02 હેક્ટર 30 આરે 36 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 128 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 328 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 339 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 11 |
| ખેતી વિષયક જોડાણ | 18 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 300 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 141 |
| BPL કાર્ડ ધારકો | 77 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 12 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 00 |
| વિધવા સહાય | 20 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 00 |